સરકારી તથા બીન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તથા આચાર્યની જમા પ્રાપ્ત રજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રુપાંતર કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ક્રમાંક: બમશ-૧૩૯૦-૫૧-ભા.૨-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૪-૯-૯૦.

વંચાણે લીધો :- શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૦-૫૧ ભા.૨.-ગ, તા. ૪-૮-૯૦.

**ઠ રા વ :-**

ગુજરાત શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે સરકારી કર્મચારીઓ જેમ જમા પ્રાપ્ત રજાઓનું રોકડમાં રુપાંતર કરવાનો લાભ ન મળતો હોઈ, તેમની અર્ધ પગારી રજાઓનું રોકડમાં રુપાંતર કરવા દેવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. આ માંગણી અંગે વિચારણા કરીને સરકારે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૦-૫૧-ભા.૨.-ગ, તા. ૪-૮-૯૦ થી આ બાબતમાં હુકમો કર્યાં હતા, આ ઠરાવની જોગવાઈઓ બાબત કેટલીક સ્પષ્ટતાઓ/ માંગણીઓ/ આવતા તે ઠરાવ રદ કરીને ( supersede ) નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨/- સરકારી બિન-સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાના વેકેશન ભોગવતા શિક્ષકો તેમજ આચાર્યોની રજાના હિસાબમાં અર્ધ પગારની રજાની અવેજીમાં પ્રત્યેક વર્ષના જાન્યુઆરી અને જુલાઈના પ્રથમ દિવસે અનુક્રમે પાંચ દિવસની એક એવા બે હપ્તામાં પ્રાપ્તરજા અગાઉથી જમા કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આમ આખા વર્ષ દરમ્યાન આ રીતે જમા થનાર હક્ક રજા દશ દિવસથી વધશે નહિં.

૩/- સરકારી કર્મચારીને લાગુ પડતા અગાઉથી જમા પ્રાપ્ત રજા જમા કરાવવાના નિયમો સરકારી તથા બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને અને આચાર્યોને પણ લાગુ પડશે.

૪/- આ શિક્ષકો/ આચાર્યો તેમની નિવૃત્તિ સમયે આ ઠરાવ મુજબ તેમના ખાતે (૧) જમા પ્રાપ્ત રજાઓ તથા (૨) તા. ૩૦-૬-૧૯૯૦ ના રોજ અર્ધ પગારની રજા હોય તેની અડધી રજાઓ પુરા પગારની ગણીને બન્ને મળી કુલ ૨૪૦ દિવસની મર્યાદામાં રોકડમાં રુપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

૫/- આ હુકમો તા. ૧-૭-૧૯૯૦ થી અમલમાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૪-૯-૯૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બા.છ. યાદવ
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
૨. માન.મંત્રીશ્રી નાણા અને શિક્ષણના અંગત સચિવશ્રી,
૩. માન. રાજ્યકક્ષાના મંત્રી ( ટેકનીકલ શિક્ષણ ) ના અંગતસચિવશ્રી,
૪. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
૬. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/ રાજકોટ.
૭. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
૮. નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
૯. નાણા વિભાગ, પ.શાખા અને પે કમીશન બ્રાન્ચ, ગાંધીનગર.
૧૦. હિસાબી અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
૧૧. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ,
૧૨. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ,
૧૩. શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ,
૧૪. સીલેક્ટ ફાઈલ.
૧૫. સચિવાલય, ના સર્વે વિભાગો.

/ રાઠવા / સ્ટે.
૪૯૯૦.